હેવારો અને ધાર્મિક પ્રસંગો દરમિયાન અહીં મુસાફરોની સંખ્યામાં નોંધપાત્ર વધારો દેખાય છે

# મિયાગામ કરજન રેલવે સ્ટેશન પર 12 મીટર પહોળા ફૂટ ઓવર બ્રિજનું નિર્માણ પ્રગતિ પર

પાયોનું કામ પૂર્ણ થઈ ગયું છે, માળખાકીય સ્તંભો સ્થાપિત કરી દેવામાં આવ્યા



(પ્રતિનિધિ) વડોદરા, તા.9
વધતી મુસાફરોની સંખ્યા તેમજ મુસાફરોની સુરક્ષા અને સુવિધાને ધ્યાનમાં રાખીને મિયાગામ કરજન રેલવે સ્ટેશન પર 12 મીટર પહોળા ફૂટ ઓવર બ્રિજનું નિર્માણ એક મહત્વપૂર્ણ મુસાફર સુવિધા પ્રોજેક્ટ તરીકે કરવામાં આવી રહ્યું છે.નિર્માણ પૂર્ણ થયા બાદ આ નવો ફૂટ ઓવર બ્રિજ મુસાફરોની સુરક્ષાને વધુ મજબૂત બનાવશે, પ્લેટફોર્મ વચ્ચેની અવરજવર વધુ સુવ્યવસ્થિત બનાવશે તેમજ મિયાગામ કરજન રેલવે સ્ટેશનનો ઉપયોગ કરતા મુસાફરોના સમગ્ર મુસાફરી અનુભવને વધુ સારો બનાવશે. પશ્ચિમ રેલવેના જનસંપર્ક અધિકારી અનુભવ સક્સેના દ્વારા જણાવ્યા મુજબ હાલમાં આ ફૂટ ઓવર બ્રિજના નિર્માણનું કામ ઝડપી ગતિએ આગળ વધી રહ્યું છે. પાયોનું કામ પૂર્ણ થઈ ગયું છે, માળખાકીય સ્તંભો સ્થાપિત કરી દેવામાં આવ્યા છે તેમજ ગર્ડર લોન્ચિંગનું કામ સફળતાપૂર્વક પૂર્ણ થઈ ગયું છે. હાલમાં સીડીઓ, ડેક સ્લેબ અને છત (રૂફિંગ) સંબંધિત કામ પ્રગતિ પર છે. મિયાગામ કરજન રેલવે સ્ટેશન મધ્ય ગુજરાતનું એક મહત્વપૂર્ણ ધાર્મિક અને વાણિજ્યિક કેન્દ્ર છે. જે આસપાસના ગામો અને નગરોના લોકો માટે મુખ્ય અવરજવર કેન્દ્ર તરીકે કાર્ય કરે છે. આ સ્ટેશન કરજણ અને આસપાસના વિસ્તારોમાં આવેલ મંદિરો અને ધાર્મિક સ્થળોની મુલાકાત લેતા શ્રદ્ધાળુઓ દ્વારા વ્યાપક રીતે ઉપયોગમાં લેવામાં આવે છે. ખાસ કરીને તહેવારો અને ધાર્મિક પ્રસંગો દરમિયાન અહીં મુસાફરોની સંખ્યામાં નોંધપાત્ર વધારો થાય છે. ધાર્મિક મહત્વ સાથે-સાથે આ સ્ટેશન સ્થાનિક આર્થિક પ્રવૃત્તિઓને પણ મહત્વપૂર્ણ સહયોગ આપે છે. આ ગ્રામિણ વિસ્તારોમાંથી કૃષિ ઉત્પાદનો અને દૈનિક જરૂરી વસ્તુઓને વડોદરા અને ભરુચ જેવા મોટા બજારો સુધી પહોંચાડવામાં મદદરૂપ બને છે. જેના કારણે ખેડૂતો અને નાના વેપારીઓને વ્યાપક વેપાર નેટવર્ક સુધી પહોંચ મળે છે.

## વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનના કર્મચારી યુનિયન દ્વારા મહિલા દિવસની ઉજવણી

(પ્રતિનિધિ) વડોદરા, તા.9
વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન કામદાર કર્મચારી યુનિયન દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે સયાજીબાગ સ્થિત પ્લેનેટોરિયમ ખાતે એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મહિલાઓના સંઘર્ષ અને વર્તમાન શ્રમ કાયદાઓમાં થતા ફેરફારો અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. કાર્યક્રમમાં શહેરના મેયર પિન્કી સોનીએ ખાસ હાજરી આપી બહેનોની કામગીરીને બિરદાવી હતી. તેમણે પોતાના સંબોધનમાં ભૂતકાળમાં દેશના સંચાલનમાં મહત્વનું યોગદાન આપનાર મહિલા અગ્રણીઓને યાદ કર્યા હતા અને મહિલા સશક્તિકરણ પર ભાર મૂક્યો હતો. કાર્યક્રમ દરમિયાન દીપિકા પટેલે પ્રાસંગિક પ્રવચન આપ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, મહિલાઓનો આજનો દરજ્જો અગાઉની અનેક મહિલાઓના બલિદાન અને સંઘર્ષને આભારી છે.

આરોપીએ લગ્ન નહી કરે તો સગીરાને બીભત્સ ફોટા વાઇરલ કરવાની ધમકી પણ આપી હતી

# 15 વર્ષીય સગીરા બળાત્કાર ગુજારનાર પદમલાના આરોપીની ડિસ્ચાર્જ અરજી નામંજૂર

અલગ અલગ જગ્યા પર લઇ જઇ બળજબરીપૂર્વક આરોપીએ સગીરા સાથે શરીર સંબંધ બાંધ્યાં હતા

(પ્રતિનિધિ) વડોદરા, તા.9
પદલમા ગામે રહેતા આરોપી દ્વારા 15 વર્ષીય સગીરા સાથે શારીરિ અડપલ કરવા સાથે બળજબરીપૂર્વક બળાત્કાર પણ ગુજાર્યો હતો. ઉપરાંત અશ્લીલ ફોટા વાઇરલ કરવાની ધમકી આપી જાતીય સતામણી પણ કરી હતી. ત્યારે મેજિસ્ટ્રે દ્વારા આરોપીની બિનતહોમત એટલે ડિસ્ચાર્જ કરવાની અરજી નામંજુર કરવા સાથે આરોપી સામે તહોમતનામુ ફરમાવવા માટે હુકમ કરાયો છે. વડોદરા જિલ્લાના પદમલા ગામે રહેતા કિશન બીપિન વણઝારા વર્ષ 2024માં 15 વર્ષની સગીરાને પટાવીને એક રૂમમા લઇ ગયો હતો અને ત્યારબાદ તેણીની સાથે શારીરિક અડપલા કર્યાં હતા ઉપરાંત અલગ અલગ જગ્યા પર લઈને સગીરા સાથે તેની મરજી વિરુદ્ધમાં બળાત્કાર પણ ગુજાર્યો હતો. સગીરાના અશ્લીલ ફોટા પણ પાડી લીધા હોય ત્યારે આરોપી સગીરાને જો તેની સાથે લગ્ન નહી કરે તો ફોટા વાઇરલ કરી નાખવાની ધમકી પણ આપતો હતો. જેથી સગીરાએ પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી હતી. ત્યારે પોલીસ દ્વારા આરોપી કિશન વણઝારાની ધરપકડ કરી લેવામાં આવી હતી અને તેને જેલ ભેગો પણ કરી દેવામાં આવ્યો હતો. આરોપીએ બિનતહોમત એટલ કે ડિસ્ચાર્જ કરવાની અરજી વકીલ મારફતે કરવામાં આવી હતી. જેની સુનાવણી સ્પેશિયલ પોક્સો જજ અને પાંચમાં એડિશનલ સેશન્સ જજ વડોદરા પ્રિયંકા અગ્રવાલની કોર્ટમાં ચાલી ગયો હતો. ત્યાર બંને વકીલ દ્વારા સામસામે ધારદાર દલીલો કરાઈ હતી. ત્યારે તમામ હકીકત જોતા આરોપીને બિનતહોમત છોડી શકાય નહી અને આ કેસમાં આરોપી સામે પ્રથમ દર્શીય ગુનો બનતો હોય ત્યારે મેજિસ્ટ્રેટ દ્વારા પુરાવા અને સરકારી વકીલ દલીલોને ધ્યાનમાં રાખીને તેને બિનતહોમત એટલે કે ડિસાર્જ કરવાની અરજી નામંજૂર કરવામાં આવી છે.

## ગોત્રી વિસ્તાર અને લક્ષ્મીપુરા પોલીસ સ્ટેશન પાસે કચરામાં આગ લાગવાથી અફરાતફરી મચી



■ વડોદરાના ગોત્રી વિસ્તાર અને લક્ષ્મીપુરા પોલીસ સ્ટેશન પાસે કચરામાં આગ લાગવાની ઘટના બની હતી. ગોત્રી વિસ્તારમાં આવેલ કૃણાલ ચાર રસ્તા પાસે કચરાના ઢગલામાં ભીષણ આગ ફાટી નીકળી હતી. આગ એટલી વિકરાળ હતી કે તેના ધુમાડાના ગોટેગોટા દૂર રોડ સુધી જોઈ શકાતા હતા, જેના કારણે વાહનચાલકો અને સ્થાનિકોમાં ફફડાટ ફેલાયો હતો. ઘટનાની જાણ થતા જ ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને આગ પર કાબૂ મેળવવાની કામગીરી હાથ ધરી હતી. જ્યારે બીજા બનાવમાં લક્ષ્મીપુરા પોલીસ સ્ટેશન પાસે ખુલ્લા પ્લોટમાં કચરાના ઢગલામાં ભીષણ આગ લાગતા વાસણા ફાયર સ્ટેશનની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને આગ પર કાબુ મેળવ્યો હતો.

## FIFA અધ્યક્ષે ICC મેન્સ T20 વર્લ્ડ કપની સફળતા બદલ જય શાહને અભિનંદન પાઠવ્યા

(પ્રતિનિધિ) વડોદરા, તા.9
ભારતમાં યોજાયેલા ICC મેન્સ T20 વર્લ્ડ કપ 2026માં યજમાન ટીમ ભારતે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાયેલી ફાઇનલમાં ન્યૂઝીલેન્ડને હરાવી ઐતિહાસિક ત્રીજું અને સતત બીજું T20 વર્લ્ડ કપ ખિતાબ જીત્યો હતો. આ ટૂર્નામેન્ટના સફળ આયોજન બાદ રમતગમત જગતમાં ICC અધ્યક્ષ જય શાહના નેતૃત્વની વ્યાપક પ્રશંસા થઈ રહી છે. ભારત અને શ્રીલંકા દ્વારા સહ-યજમાની કરાયેલી આ મહિના લાંબી ટૂર્નામેન્ટના ભવ્ય આયોજનને વૈશ્વિક સ્તરે પ્રશંસા મળી છે. આ સિદ્ધિ બદલ FIFA અધ્યક્ષ જિયાની ઈન્ફેન્ટિનોએ પોતાના ઈન્સ્ટાગ્રામ પોસ્ટ દ્વારા જય શાહને અભિનંદન પાઠવ્યા હતા. તેમણે લખ્યું કે ICC અને તેમના મિત્ર જય શાહને શાનદાર રીતે આયોજિત T20 વર્લ્ડ કપ માટે અભિનંદન તેમજ ભારતને વધુ એક



ટાઇટલ જીતવા બદલ શુભેચ્છાઓ. જય શાહ ICC અધ્યક્ષ બન્યા બાદ ક્રિકેટને વૈશ્વિક સ્તરે વિસ્તૃત કરવા મહત્વની ભૂમિકા ભજવી રહ્યા છે. T20 વર્લ્ડ કપ 2026ના પ્રસારણને 80થી વધુ પ્રદેશોમાં અને 15થી વધુ ભાષાઓમાં રજૂ કરવામાં આવ્યું હતું, જેના કારણે વ્યૂઅરશીપનો નવો કિર્તિમાન સર્જાયો છે. આ સાથે જ ઈન્ફેન્ટિનોએ રમતગમત દ્વારા વિશ્વને એક કરવા માટે જય શાહ સાથે સહયોગ કરવાની ઈચ્છા પણ વ્યક્ત કરી હતી.

વડોદરાને આણંદ, નડિયાદ અને ડભોઇ સાથે જોડવાની અપેક્ષા

# રાજ્યના ચાર મહાનગરોને રેપિડ ટ્રાન્ઝિસ્ટ સિસ્ટમથી જોડવામાં આવશે

માસ્ટર પ્લાન તૈયાર થઈ ગયા બાદ સરકાર મંજૂરીઓ અને પ્રારંભિક કામગીરીનો આગામી રાઉન્ડ શરૂ કરશે

(પ્રતિનિધિ) વડોદરા, તા.9
રાજ્ય સરકાર શહેરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉપર વધુ ભાર મૂકી રહી છે. જે અંતર્ગત શહેરોને તેના આસપાસના વિસ્તારો સાથે જોડવા માટે રીજનલ રેપિડ ટ્રાન્ઝિસ્ટ સિસ્ટમનું આયોજન શરૂ કર્યું છે. રાજ્ય શહેરી વિસ્તરણના આગામી તબક્કા માટે તૈયાર થઈ રહ્યું છે. ત્યારે વડોદરા માટે પણ સામાન આરઆરટીએસ નેટવર્કની કલ્પના કરવામાં આવી રહી છે. સરકારે આરઆરટીએસ કોરિડોરના ટેકનિકલ અભ્યાસ અને આયોજન માટે વર્ષ 2026-27 ના બજેટમાં રૂપિયા 10 કરોડ ફાળવ્યા છે. હાલમાં સેપ્ટ યુનિવર્સિટી સૌથી સદ્ધર એલાઈનમેન્ટ અને ટેકનોલોજી વિકલ્પો ઓળખવા માટે અલ્ટરનેટિવ એનાલિસિસ રિપોર્ટ તૈયાર કરી રહી છે. આ પ્રોજેક્ટના માર્ગદર્શન માટે રાજ્ય સરકારે નેશનલ કેપિટલ રીઝલ્ટ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશનની મદદ લીધી છ. આ સંસ્થાને રાજ્યના આરઆરટીએસ નેટવર્ક માટે માસ્ટર પ્લાન તૈયાર કરવા જણાવવામાં આવ્યું છે. પ્રાપ્ત માહિતી અનુસાર એક વાર માસ્ટર પ્લાન તૈયાર થઈ જાય. ત્યારબાદ, રાજ્ય સરકાર મંજૂરીઓ અને પ્રારંભિક કામગીરીનો આગામી રાઉન્ડ શરૂ કરશે. રાજ્યના અનેક મોટા શહેરોથી 40 થી 60 કિલોમીટરની અંદર આર્થિક રીતે મહત્વના શહેરી કેન્દ્રો આવેલા છે. આ નગરો તેમના મુખ્ય શહેરો સાથે મજબૂત આર્થિક જોડાણ ધરાવે છે. ત્યારે, ઉચ્ચ ગુણવત્તાની કનેક્ટિવિટી સાથે તેઓ મોટા શહેરી કેન્દ્ર તરીકે વિકસી શકે છે તેમ સૂત્રોએ જણાવ્યું હતું. હાલમાં 17 મહાનગરપાલિકા અને 152 નગરપાલિકા સાથે ઝડપી શહેરીકરણ થઈ રહ્યું છે. રાજ્યની લગભગ 48% જેટલી વસ્તી હવે શહેરી વિસ્તારોમાં રહેશે. આ અગાઉ સરકારે મોટા શહેરોની આસપાસ પાંચ સેટેલાઈટ ટાઉન વિકસાવવાની જાહેરાત કરી હતી અને વર્ષ 2025 26 ના બજેટમાં આ પહેલ માટે રૂપિયા 50 કરોડ ફાળવ્યા હતા. ત્યારે હવે વડોદરાને આણંદ નડિયાદ અને ડભોઈ સાથે જોડવાની અપેક્ષા છે.

આંતરરાષ્ટ્રીય મહિલા દિને 'ત્રિવેણી'નો અનોખો પ્રયાસ

# મહિલાઓ માટે વિશેષ થિયેટર વર્કશોપનુ આયોજન કરાયું

(પ્રતિનિધિ) વડોદરા, તા.9
આંતરરાષ્ટ્રીય મહિલા દિવસના ઉપલક્ષમાં વડોદરાની પ્રતિષ્ઠિત નાટ્ય સંસ્થા 'ત્રિવેણી' દ્વારા ફતેહગંજ સ્થિત યોગનિકેતન ખાતે મહિલાઓ માટે વિશેષ થિયેટર વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. રવિવાર સવારે યોજાયેલી આ ત્રણ કલાકની કાર્યશાળામાં ૨૦થી વધુ મહિલાઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ અભિનય, અભિવ્યક્તિ અને આત્મવિશ્વાસના પાઠ શીખ્યા હતા. વર્કશોપમાં જાણીતી અભિનેત્રી અને નૃત્યાંગના પૂજા પુરોહિતે મુખ્ય માર્ગદર્શક તરીકે ભાગ લીધો હતો. તેમણે શારીરિક ગતિવિધિઓ, વૉઈસ કલ્ચર અને ઈન્ટરેક્ટિવ ગેમ્સ દ્વારા મહિલાઓને સ્ટેજ પર પોતાની અભિવ્યક્તિ વધુ અસરકારક રીતે રજૂ કરવાની તાલીમ આપી હતી.
મૌન અભિવ્યક્તિથી લઈને સંવાદ સુધીની વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા મહિલાઓમાં



રહેલી સર્જનાત્મકતા અને આત્મવિશ્વાસને ઉજાગર કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. કાર્યક્રમના અંતે ગુજરાતના જાણીતા નાટ્યકાર પી.એસ. ચારીએ હાજરી આપી મહિલાઓને પ્રેરિત કર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે થિયેટર જીવનનું પ્રતિબિંબ છે અને જો સ્ત્રીઓ થિયેટરના સાધનો શીખે તો જીવનના પડકારોનો સામનો વધુ આત્મવિશ્વાસથી કરી શકે છે.

વિશ્વ મહિલા દિવસ નિમિત્તે ઉજવણી કરાઇ

# બ્રહ્માકુમારી અટલદારા ખાતે 26 પ્રતિભાશાળી મહિલાઓનું સન્માન

"મહિલા ગૌરવ દિવસ"ની ઉજવણીમાં વિવિધ ક્ષેત્રે યોગદાન આપનાર ૨૬ મહિલાઓ સન્માનિત કર્યા

(પ્રતિનિધિ) વડોદરા, તા.9
વિશ્વ મહિલા દિવસ નિમિત્તે બ્રહ્માકુમારી અટલદારા સેવા કેન્દ્ર દ્વારા "મહિલા ગૌરવ દિવસ"ની ઉજવણી ઉત્સાહભેર કરવામાં આવી હતી. આ પ્રસંગે વડોદરા શહેરમાં શિક્ષણ, આરોગ્ય, કલા તથા સમાજસેવા જેવા વિવિધ ક્ષેત્રોમાં નોંધપાત્ર યોગદાન આપનારી ૨૬ પ્રતિભાશાળી અને સશક્ત મહિલાઓનું સન્માન કરવામાં આવ્યું હતું. સેવા કેન્દ્રના ડિરેક્ટર બી.કે. ડૉ. અરુણા બહેને દેવીઓના આઠ હાથોના આધ્યાત્મિક અર્થને સમજાવતા જણાવ્યું કે દરેક સ્ત્રીમાં અનેક શક્તિઓ રહેલી છે.



આઠ પ્રાથમિક આધ્યાત્મિક શક્તિઓ દેવીઓના આઠ હાથનું પ્રતિક છે અને જ્યારે સ્ત્રીઓ આ શક્તિઓને જીવનમાં સ્વીકારે છે ત્યારે તેઓ શક્તિનું સ્વરૂપ બની જાય છે.વરિષ્ઠ રાજયોગ શિક્ષિકા રાજયોગિની અમર દીદી મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા. સાથે શહેરની ૨૬ અગ્રણી મહિલાઓમાં કોર્પોરેટર સંગીતાબેન ચોકસી, સુમનદીપ યુનિવર્સિટીની પ્રોફેસર ડૉ. મેઘનાબેન જોશી, બિલાબોંગ સ્કૂલની પ્રિન્સિપાલ ડૉ. પ્રીતિબેન શ્રીમલ, મા શક્તિ ગરબા ગ્રુપના ડિરેક્ટર આરતીબેન ઠક્કર, પી.પી. શ્રોફ ગ્રુપની માલિક પરેશાબેન ઠક્કર તથા બી.કે. રિયાબેન વૈદ્ય સાથે વડોદરા શહેરમાં શિક્ષણ, આરોગ્ય, કલા તથા સમાજસેવા જેવા વિવિધ ક્ષેત્રોમાં નોંધપાત્ર યોગદાન આપનારી ૨૬ મહિલાઓને સ્ટેજ પર આમંત્રિત કરીને સ્મૃતિચિહ્ન અર્પણ કરી તેમનું સન્માન કરવામાં આવ્યું.

## જગન્નાથપુરીના શંકરાચાર્ય સ્વામિ નિશ્ચલાનંદજી સરસ્વતીની વડોદરામાં પધરામણી

વડોદરા : વૈદિક ધર્મની ચાર પીઠ પૈકીની એક એવી જન્નાથપુરી સ્થિત ઋગ્વેદીય પૂર્વામ્નાય ગોવર્ધન મઠના શંકરાચાર્ય જગત્ગુરુ સ્વામિ શ્રી નિશ્ચલાનંદ મહારાજ ધર્માર્થે વડોદરામાં પધારી રહ્યા છે. તેઓ તા. ૧૦ અને ૧૧ માર્ચ, એમ બે દિવસ માટે શહેરમાં આર. વી. દેસાઇ રોડ, પ્રતાપનગર ખાતે ગોયાગેટ સોસાયટીમાં આવેલા શિવાલય ડુપ્લેક્સમાં ઉતારો કરી દર્શન, દીક્ષા અને સંગોષ્ઠિના કાર્યક્રમમાં સહભાગી થશે. શ્રી ઋગ્વેદીય પૂર્વામ્નાય ગોવર્ધનમઠ પુરીપીઠાધીશ્વર, શ્રીમદ્દજગદગુરૂ શકુરાચાર્ય, સ્વામી નિશ્ચલાનન્દ સરસ્વતી મહાભાગ દ્વારા રાષ્ટ્રોત્કર્ષ યાત્રા અંતર્ગત સવારે ૧૧:૩૦ વાગ્યે દર્શન, દીક્ષા અને સંગોષ્ઠિ કાર્યક્રમ આગામી તા.૧૦ અને ૧૧ માર્ચ, ૨૦૨૬ના રોજ વડોદરા જિલ્લામાં આગમન થશે. ધર્મસભા આગામી તા.૧૦ માર્ચ ૨૦૨૬, સાંજે ૫:૦૦ વાગ્યે શિવાલય ડુપ્લેક્સ, ગોયા ગેટ સોસાયટી, આર. વી. દેસાઈ રોડ, પ્રતાપનગર, વડોદરા ખાતે યોજાશે. આ યાત્રાની વધુ માહિતી માટે બ્રહ્મચારી પ્રફુલ્લ ચૈતન્યજી - 8081748542, તથા વડોદરાના હિરેન પંડયા 9825123918, કપિલ જિંદલ 9620447194નો સંપર્ક કરવા જણાવાયું છે.

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી

# રાષ્ટ્રીય મહિલા આયોગના અધ્યક્ષ વિજયા રાહતકર આજે વડોદરાના પ્રવાસે

સર્કિટ હાઉસ ખાતે 'મહા જનસુનાવણી' યોજાશે; વોક-ઇન ફરિયાદો પણ સ્વીકારવામાં આવશે

(પ્રતિનિધિ) વડોદરા, તા.9
આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણીના ભાગરૂપે રાષ્ટ્રીય મહિલા આયોગના અધ્યક્ષ શ્રીમતી વિજયા રાહતકર આવતીકાલે વડોદરા શહેરની મુલાકાતે છે. મહિલાઓની સુરક્ષા, ગૌરવ અને ન્યાય પ્રાપ્તિ માટેની સંયુક્ત પ્રતિબદ્ધતાને વધુ સુદ્રઢ બનાવવાના હેતુસર વડોદરા ખાતે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. આ મુલાકાતના મુખ્ય આકર્ષણ રૂપે, રાષ્ટ્રીય મહિલા આયોગ અને રાજ્ય મહિલા આયોગના સંયુક્ત ઉપક્રમે વડોદરાના અલકાપુરી સ્થિત સર્કિટ હાઉસના કોન્ફરન્સ હોલ ખાતે સવારે ૧૧.૦૦ કલાકથી બપોરે ૦૧.૩૦ કલાક દરમિયાન 'મહા જનસુનાવણી'નું વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. આ જનસુનાવણીનો મુખ્ય ઉદ્દેશ્ય મહિલાઓને પોતાની ફરિયાદો રજૂ કરવા તથા સંસ્થાકીય સહાય મેળવવા માટે એક સીધું અને સરળ મંચ ઉપલબ્ધ કરાવવાનો છે. આ સંકલિત પ્રયત્ન હેઠળ ઘરેલું હિંસા, કાર્યસ્થળે જાતીય સતામણી, માતૃત્વ લાભ, પરિત્યાગ, માનવ તસ્કરી (trafficking) તેમજ અન્ય જાતિ આધારિત અન્યાય અને હિંસા સંબંધિત ફરિયાદો સાંભળવામાં આવશે અને તેના પર યોગ્ય કાર્યવાહી હાથ ધરવામાં આવશે. આ જનસુનાવણીની મુખ્ય વિશેષતા સમયમર્યાદામાં ઝડપી ફરિયાદ નિવારણ પર કેન્દ્રિત છે. આ જનસુનાવણીની મુખ્ય વિશેષતા સમયમર્યાદામાં ઝડપી ફરિયાદ નિવારણ પર કેન્દ્રિત છે. સંબંધિત મહિલા આયોગોના અધ્યક્ષઓ અને સભ્યો, સ્થાનિક વહીવટી તંત્રના અધિકારીઓ, પોલીસ અધિકારીઓ, કાનૂની નિષ્ણાતો તથા પ્રોટેક્શન ઓફિસરોનો સમાવેશ કરતી વિશેષ બેઠકો દ્વારા ફરિયાદોની તાત્કાલિક સુનાવણી કરવામાં આવશે.

જોડકા જોડોમાં પોલીનોમીયલ અને ટ્રીગનોમેટ્રીના ફોર્મ્યુલા પુછવામાં આવ્યા

# ધો.10નું સ્ટાન્ડર્ડ ગણિત અને ધો.12નું આંકડાશાસ્ત્રનું પેપર મધ્યમ નીકળ્યું

સેક્શન Cમાં કેલ્ક્યુલેશન પાર્ટમાં વિદ્યાર્થીઓને ગણતરી કરવામાં સમય લાગ્યો

(પ્રતિનિધિ) વડોદરા, તા.9
ગુજરાત બોર્ડની ધોરણ 10 માં સ્ટાન્ડર્ડ ગણિત, ધો.12માં આંકડા શાસ્ત્ર અને વિજ્ઞાન પ્રવાહમાં ગણિતના વિષયની પરીક્ષા લેવાઈ હતી. તમામ પેપરો સરળ પણ મોડરેટ નીકળ્યા હોવાનું વિદ્યાર્થીઓએ જણાવ્યું હતું. જોકે, ટેકસબુક આધારિત પેપર નીકળતા વિદ્યાર્થીઓને ભય વિના પેપર લખવામાં મઝા પડી હતી. જેથી સારો સ્કોર થવાની શકયતા વિદ્યાર્થીઓ દ્વારા વ્યક્ત કરવામાં આવી હતી. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક બોર્ડની પરીક્ષાઓ ચાલી રહી છે. આજે ધોરણ 10 નું સ્ટાન્ડર્ડ ગણિતનું પેપર સરળથી મોડરેટર રહ્યું. પરંતુ, પ્રથમ સેકસન A માં વિદ્યાર્થીઓને થોડો ટ્રીકી તથા અધરો લાગ્યો હતો. એજ્યુકેશન એક્સપર્ટ નિરવ જોષીના કહ્યા મુજબ આ સેક્શનમાં થોડા ટ્રીકી પ્રશ્નો પુછવામાં આવ્યા, જોડકા જોડોમાં પોલીનોમીયલ અને ટ્રીગનોમેટરીના ફોર્મ્યુલા પુછવામાં આવ્યા હતા. સેક્શન A માં પ્રશ્ન નંબર 17 અને 18 ટ્રીકી હતા. જેનાથી થોડી મૂંઝવણ થવાથી જવાબ લખવા માટે વિચાર કરવો પડ્યો હતો. જ્યારે સેક્શન B ટેકસબુકની એક્સરસાઈઝમાંથી સીધેસીધા જ પુછવામાં આવ્યા અને સેક્શન Cમાં કેલ્ક્યુલેશન પાર્ટ પુછાયો જેમાં ગણતરી કરવામાં સમય લાગ્યો હશે અને જે વિદ્યાર્થી સીમપલીફીકેશન સારી રીતે કરી શકતા હશે એમને આ પેપર ખુબ જ સરળ લાગ્યું. જે વિદ્યાર્થીને ગણતરીમાં તકલીફ પડતી હશે તેમને આ સેક્શનમા સમય વધારે લાગ્યો હશે.


### ધોરણ 12 સામાન્ય પ્રવાહમાં આંકડાશાસ્ત્રનું પેપર સરળ રહ્યું

જે વિદ્યાર્થીઓએ તૈયારી કરી હતી તેમનું પેપર ઘણું સરળ રહ્યું છે. પરંતુ, જે વિદ્યાર્થીઓએ તૈયારી ઓછી કરી હશે તેમનું પેપર મધ્યમ રહ્યું. વિભાગ A માં વિકલ્પો અતિ સરળ રહ્યા જે બાળકોને લખવામાં આસાની રહી છે. વિભાગ B માં થિયરી ટાઈપના પ્રશ્નો સરળ રહ્યા,વિભાગ C માં બે માર્કના દાખલાઓ સરળ પૂછવામાં આવ્યા. વિભાગ D મા પાર્ટ વનમાંથી પાંચ પ્રશ્નો અને પાર્ટ ટુ માંથી સાત પ્રશ્નો પૂછવામાં આવ્યા.જેમાં પાર્ટ વનના પ્રશ્ન ઘણા સરળ રહ્યા. વિભાગ E માં પ્રામાણ્ય વિતરણ ને લગતા પ્રશ્નો ઘણા સરળ રહ્યા. જે વિદ્યાર્થીઓએ મહેનત કરી હતી તેમને પ્રશ્નો સહેલા લાગ્યા જેમની તૈયારી ઓછી હતી, તે વિદ્યાર્થીઓને અમુક પ્રશ્નો અઘરા લાગ્યા. વિભાગ F પુરા પેપરમાં વિદ્યાર્થીઓને લખવામાં સૌથી સરળમાં સરળ સેક્શન રહ્યો. જે પાર્ટ વન માંથી પૂછવામાં આવ્યો હતો. જે વિદ્યાર્થીઓએ સારી રીતે તૈયારી કરી તેમના સારા માર્ક્સ આવવાની પૂરેપૂરી શક્યતા છે : રવિ વઢવાણા, એજ્યુકેશન એક્સપર્ટ

સરકારી મિલકત પણ નહીં બક્ષાય !

# કરોડોના બાકી વેરા મામલે ટેક્સ વિભાગની લાલ આંખ; મકરપુરા ડેપોની મિલકત જપ્ત કરી

(પ્રતિનિધિ) વડોદરા, તા.9
વડોદરા મહાનગરપાલિકા દ્વારા હાલમાં બાકી વેરા વસૂલાત માટે ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. જે અંતર્ગત અનેક મોટા બાકીદારોને નોટિસો ફટકારવામાં આવી હતી. મકરપુરા બસ ડેપો પાસે આવેલી ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ ની આ મિલકતનો અંદાજે રૂ. 1,14,34,000/- જેટલો માતબર વેરો લાંબા સમયથી ભરપાઈ કરવામાં આવ્યો ન હતો. વારંવારની મૌખિક અને લેખિત રજૂઆતો છતાં વેરો ન ભરાતા, સોમવારે સવારે પાલિકાના વોર્ડ નં. 18ના ટેક્સ વિભાગની ટીમ પોલીસ બંદોબસ્ત સાથે મકરપુરા



ડેપો પહોંચી હતી. અધિકારીઓએ ડેપો પરિસરમાં આવેલી વહીવટી ઓફિસ અને મિલકતના મુખ્ય ભાગોને સીલ મારી દીધા હતા. પાલિકાના કમિશનરે અગાઉ જણાવ્યું હતું કે વેરો બાકી હોય તેવા એકમો તાત્કાલિક વેરો ભરે અને વ્યાજ માફી પણ મેળવે જો એમ નહીં કરનારા એકમોને સીલ કરવામાં અને જપ્તી કરાશે કમિશનરે એમ જણાવ્યું હતું કે નાણાકીય વર્ષના અંતિમ તબક્કામાં પાલિકા તેની આવક વધારવા અને બાકીદારો પાસે વસૂલાત કરવા કટિબદ્ધ છે.
સરકારી હોય કે ખાનગી, જે પણ મિલકતધારકો વેરો ભરવામાં આનાકાની કરશે તેમની સામે આગામી દિવસોમાં પણ આવી જ જપ્તી અને સીલિંગની કાર્યવાહી ચાલુ રહેશે. ત્યાર બાદ સોમવારે મકરપુરા બસ ડેપો સીલ કરવાની કાર્યવાહીને પગલે અન્ય મોટા બાકીદારોમાં પણ ફફડાટ વ્યાપી ગયો છે.

વડોદરા મહાનગરપાલિકા
www.vmc.gov.in
પાણી અંગેની અગત્યની જાહેરાત
આથી જાહેર જનતાને જણાવવાનું કે. વડોદરા શહેરમાં માંજલપુર ટાંકી ખાતેથી દરબાર ચોકડી થી પ્રમુખ પ્રસાદ ચાર રસ્તા થઇ વિશ્વામીત્રી રેલ્વે સ્ટેશન તરફના વિસ્તારોમાં બપોરે ૪:૩૦ થી ૫:૩૦ કલાક ની જગ્યાએ સાંજે ૭:૦૦ થી ૮:૦૦ કલાક દરમ્યાન પાણી વિતરણ કરવામાં આવશે. જેની જાહેર જનતાએ નોંધ લેવા તેમજ સહકાર આપવા વિનંતી છે.
પી.આર.ઓ. નં.૧૨૭૯/૨૫-૨૬ કાર્યપાલક ઇજનેર(પા.પુ.)